શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

સદ્‌વિદ્યા પ્રવર્તાવો પૃથ્વી પરે...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૫ અંક : ૬
જૂન : ૨૦૨૩

જગન્નાથ રથયાત્રા

આમ્રોત્સવ

પૂજ્ય પુરાણી સ્વામીની સ્મૃતિમાં આયોજિત સ્મૃતિ મહોત્સવ ઉપક્રમે રીબડા-રાજકોટ ગુરુકુલ ખાતે આયોજિત હોમાત્મક અનુષ્ઠાન.
અનુષ્ઠાનની પૂર્ણાહુતિ પ્રસંગે દ્વારિકાધીશ મંદિરમાં ધ્વજારોહણ કરતા સંતો-ભક્તો.

SGVP ગુરુકુલની શુભેચ્છા મુલાકાતે પધારેલા માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલનું સ્વાગત કરતા સંતો.
આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ કેમ્પસમાં નિવાસ કરતા સેવકગણને કેરીનો પ્રસાદ વહેંચ્યો હતો.

SGVP સૂર્યા સ્પોર્ટસ એકેડેમી દ્વારા આયોજિત GPL-12 ક્રિકેટ ટૂનમિન્ટની પૂર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ ક્રિકેટર નયન મોંગિયાનું
સ્વાગત કરતા સંતો. બે મહિના ચાલેલી આ ટૂનમિન્ટમાં વિજેતા ટીમને ટ્રોફી અર્પણ કરતા સંતો-મહાનુભાવો.



SGVPની મુલાકાતે પધારેલા કેન્દ્રિય કેબીનેટ મંત્રી (પશુપાલન તથા ડેરી ઉદ્યોગ) શ્રી ગિરિરાજ સિંહજીએ ગૌપૂજન કર્યું હતું.
તથા હોલિસ્ટિક હોસ્પિટલ તેમજ કેમ્પસમાં ચાલતી વિવિધ સેવાકિય પ્રવૃત્તિઓના વિભાગોની મુલાકાત લીધી હતી.

ગુરુકુલ દર્શન

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય
• પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ •
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

ભગવાન શ્રી સ્વામિનારાયણ

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય
શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૫, જૂન : ૨૦૨૩, અંક : ૦૬

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૫ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

રમે મારો લાડીલો લાલ...

રમે મારો લાડીલો લાલ ગિરિધર ગોવાળોના સંગમાં
ઠમકે ચડે ઠેસીયોના તાલ ગિરિધર ગોવાળોના સંગમાં
રાસ રમંતા વા'લે મોરલી વજાડી,
મોરલીને તાને સૂતી ગોપીઓ જગાડી;
દોડી આવી રોતાં મેલી બાળ રમે...૧
સુરવાળ સોનેરી ને જામો જરિયાની,
માથે પે'રી તે ટોપી આભલે જડેલી;
હસે મંદ ગોરા એના ગાલ રમે...૨
ધીમ ધીમ ધીમ ધીમ દુકડ વાગે,
ઝણ ઝણ ઝણ ઝણ ઝાંઝ વજાડે
તીંગ તીંગ દાંડિયાંના તાલ રમે...૩
રાસ રમે ને વાલો દુઃખડાં દમે છે,
ભવ બ્રહ્મા જેને ભેટવા ભમે છે;
તેણે કર્યાં ગોવાળોને ન્યાલ રમે...૪

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

SwaminarayanGurukul
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org

વચનામૃતમાં ઉપાસના તત્ત્વ

- સ્વામી માધવપ્રિયદાસ

મોક્ષમાર્ગમાં ઉપાસનાનું અત્યંત મહત્ત્વ છે.

સમગ્ર શરીરમાં હૃદય અને મસ્તક મહત્ત્વના છે. બીજા અંગોમાં કંઈક ખામી હોય તો ચાલે, પણ હૃદય બંધ પડે અથવા તો મસ્તક કપાઈ જાય તો માણસ મરી જાય. એ જ રીતે ભગવદ્‌પ્રાપ્તિનાં બીજા સાધનો ઓછાંવત્તાં હોય તો ચાલે, પરંતુ ભક્તિ અને ઉપાસના સુદૃઢ હોવા જોઈએ.

સામાન્ય રીતે લોકમાં 'ભક્તિ' અને 'ઉપાસના' શબ્દ પર્યાય તરીકે વપરાય છે પરંતુ ઉપનિષદો, બ્રહ્મસૂત્રો વગેરે સત્શાસ્ત્રોનું વ્યાખ્યાન કરનારા મહાન આચાર્યોએ જ્ઞાન, ધ્યાન અને ઉપાસના શબ્દો એકબીજાના પર્યાય તરીકે વાપર્યા છે.

ભક્તિ અને ઉપાસનાનો ભેદ સમજાવતાં ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે, "શ્રવણાદિ નવ પ્રકારે કરીને જે ભગવાનને ભજવા, તેને ભક્તિ કહીએ અને ઉપાસના તો તેને કહીએ જે, ભગવાનનાં સ્વરુપને વિષે સદા સાકારપણાની દૃઢ નિષ્ઠા." (વચ.ગ.પ્ર. ૪૦)

સંસારમાં લગ્ન પ્રક્રિયાના બે ભાગ છે. પ્રથમ વરના રૂપ, ગુણ, ઐશ્વર્ય, સામર્થ્ય વગેરે જોઈને વરણ કરવું અને પછી વર સાથે ચાર ફેરા ફરી લગ્ન કરવા.

ઉપાસના વરણ પ્રક્રિયા છે અને ભક્તિ લગ્ન પ્રક્રિયા છે. ઉપાસનાની એક ખૂબી છે કે ભગવાન સર્વમાં અંતર્યામી ભાવથી રહ્યા છે. ઉપાસક ભગવાનને જેવા ભાવથી ઉપાસે છે તેવો થાય છે.

મુદ્‌ગલ ઉપનિષદ્‌માં કહ્યું છે કે,

तं यथा यथा उपासते तथैव भवति ।

(મુદ્‌ગલોપનિષદ્‌-૩)

ઉપાસક જો પરમાત્માને ઇન્દ્રાદિક દેવ જેવા જાણે તો એને દેવલોકની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્માદિક જેવા જાણે છે તો બ્રહ્માદિકના લોકમાં જાય છે, વિરાટ નારાયણ જેવા જાણે તો વૈરાજલોકમાં જાય છે,

પ્રધાનપુરુષ કે પ્રકૃતિપુરુષ જેવા જાણે છે તો તે તે ઈશ્વરોના લોકમાં જાય છે, નિર્ગુણ નિરાકાર એકરસ ચૈતન્ય બ્રહ્મ જેવા જાણે છે તો તેવો થાય છે.

પરંતુ જો ઉપાસક પરમાત્માને સર્વોપરી માની ઉપાસના કરે તો એને અક્ષરધામની પ્રાપ્તિ થાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે,

ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ॥

ગીતા-૪-૧૧ ॥

"હે પાર્થ ! જીવ જેવા ભાવથી મારાં શરણે આવે છે એવા જ ભાવથી હું એને પ્રાપ્ત થાઉં છું."

ઉપાસનાની બીજી ખૂબી એ છે કે ઉપાસક જીવ જે દેવની ઉપાસના કરે છે એ જીવને એ જ દેવની પ્રાપ્તિ થાય છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે,

श्रद्धामयोऽयं पुरुषः यो यः श्रद्धः स एव सः ॥

(અ.૧૭, શ્લો.૩)

'મનુષ્ય શ્રદ્ધામય છે, જેને જેવી શ્રદ્ધા તેને તેવી પ્રાપ્તિ.'

લોકો ઉપાસના માટે દેવોની પસંદગી પોતાની શ્રદ્ધાને અનુરૂપ કરતા હોય છે. તામસી શ્રદ્ધાવાળા લોકો તામસ દેવોનું ઉપાસન કરે છે, રાજસ શ્રદ્ધાવાળા લોકો રાજસી દેવોનું ઉપાસન કરે છે. સાત્ત્વિકી શ્રદ્ધાવાળા લોકો સાત્ત્વિક દેવોનું ઉપાસન કરે છે.

લોકો વિવિધ પ્રકારના દેવોનું ઉપાસન કરે છે, ભગવાન શ્રીકૃષ્ણ ગીતાજીમાં કહે છે કે,

यो यो यां यां तनुं भक्तः श्रद्धयार्चितुमिच्छत्ति ।

तस्य तस्याचलां श्रद्धां तामेव विदधाम्यहम् ॥

स तया श्रद्धया युक्तः तस्याराधनमीहते ।

लभते च ततः कामान् मयैव विहितान्हि तान् ॥

(અ. ૭, શ્લો. ૨૧-૨૨)

'લોકો શ્રદ્ધાથી વિવિધ દેવતાઓનું અર્ચન-પૂજન, આરાધન કરે છે, એ દેવતાઓ મારા જ શરીરો છે. એમાં રહીને હું એમની શ્રદ્ધાને સુદૃઢ કરું છું. એ શ્રદ્ધાથી ઉપાસક તે તે વિવિધ દેવતાઓનું આરાધન કરે છે અને આખરે હું જ એ દેવતાઓમાં રહીને એમના મનોરથોને પૂર્ણ કરું છું.'

સર્વોપરી પરમાત્મા પુરુષોત્તમ નારાયણ અંતર્યામી શક્તિથી સર્વ દેવોમાં વ્યાપીને રહેલા છે અને પાત્રની તારતમ્યતાએ કરીને પ્રકાશે છે.

શ્રીમદ્‌ ભાગવત વેદસ્તુતિના ગદ્યમાં ભગવાન વેદવ્યાસજી લખે છે કે,

स्वकृतविचित्रयोनिषु विषन्निव हेतुतया
तरतमतश्चकास्त्यनलवत् स्वकृतानुकृतिः।

(भाग.१०-८७-१९)

ભગવાન શ્રીસ્વામિનારાયણ વેદસ્તુતિના આ ગદ્યનો ભાવાર્થ સમજાવતાં કહે છે,

"જેમ કાષ્ઠને વિષે અગ્નિ રહ્યો છે તે મોટા કાષ્ઠમાં મોટો અગ્નિ રહ્યો છે ને લાંબા કાષ્ઠમાં લાંબો અગ્નિ રહ્યો છે ને વાંકા કાષ્ટમાં વાંકો અગ્નિ રહ્યો છે, તેમ એ પુરુષોત્તમ ભગવાન છે તે જે દ્વારે જેટલું કાર્ય કરાવવું હોય તેને વિષે તેટલી સામર્થીએ યુક્ત થકા રહે છે અને અક્ષર ને પુરુષ-પ્રકૃતિ આદિ સર્વને વિષે પુરુષોત્તમ ભગવાન અંતર્યામીરૂપે રહ્યા છે, પણ પાત્રની તારતમ્યતાએ કરીને સામર્થીમાં તારતમ્યપણું છે." (વચ.ગ.પ્ર.૪૧)

જે રીતે વીજળીનો પ્રવાહ એક સરખો વહેતો હોય, પરંતુ આપણી પાસે જેટલા વૉલ્ટનો બલ્બ હોય એટલો જ પ્રકાશ પ્રાપ્ત થાય છે.

જેમ પાણીની મોટી પાઈપલાઈન આપણાં ઘર પાસેથી જ પસાર થતી હોય પણ જેટલી ક્ષમતાનું જોડાણ આપણે મેળવ્યું હોય એટલું જ પાણી આપણાં ઘરમાં આવે છે.

એ જ રીતે જે જીવ જેવા દેવની ઉપાસના કરે છે એ જીવને એ દેવમાં જેટલું ઐશ્વર્ય અને સામર્થ્ય હોય એટલું જ ઐશ્વર્ય અને સામર્થ્ય પ્રાપ્ત થાય છે.

જગતમાં જાતજાતના દેવી-દેવતાઓની ઉપાસના થાય છે, પરંતુ જ્ઞાની પુરુષો સર્વ કારણનાં કારણ, સર્વ દેવોના દેવ, અનંત ઐશ્વર્ય સંપન્ન અને નિર્ગુણ એવા ભગવાન પુરુષોત્તમનારાયણની ઉપાસના કરે છે.

અદ્વૈતીઓના જેવી નિર્ગુણ-નિરાકાર બ્રહ્મની ઉપાસનામાં પણ ભગવાન શ્રીસ્વામિનારાયણની રુચિ નથી.

વચનામૃતમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ કહે છે, "એક ચૈતન્યના તેજનો રાશિ છે અને તેના મધ્યને વિષે પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદા બિરાજમાન છે, એવો દૃઢ નિશ્ચય હોય અને તે ભગવાનની ઉપાસના-ભક્તિ કરતો હોય તે વાત ગમે, પણ કેવળ ચૈતન્ય તેજને માનતો હોય ને તેની ઉપાસના કરતો હોય ને ભગવાનને સદા સાકાર ન માનતો હોય ને તેની ઉપાસના ન કરતો હોય તો તે ન ગમે." (વચ.ગ.અં.૩૦)

ભગવાન શ્રીસ્વામિનારાયણનાં વચનામૃતોનો અભ્યાસ કરતાં જણાય છે કે, પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણને સર્વોપરી, સર્વ કારણનાં કારણ, સર્વ ઈશ્વરોના ઈશ્વર, સર્વ અવતારોના અવતારી, સર્વના સ્વામી, સદા સાકાર મૂર્તિ સમજવા. એ ઉપાસનાતત્ત્વનું હાર્દ છે.

ઉપાસના રૂપી વહાણ

ઉપાસનાનો વિશેષ મહિમા સમજાવતાં ભગવાન શ્રીસ્વામિનારાયણ વચનામૃતમાં કહે છે કે,

"કેટલાક સિદ્ધ થાય છે ને કેટલાક સર્વજ્ઞ થાય છે ને કેટલાક દેવતા થાય છે. ઈત્યાદિક અનંત પ્રકારની મોટ્યપ પામે છે તથા પરમપદને પામે છે; એ સર્વે ભગવાનની ઉપાસનાને બળે પામે છે, પણ ઉપાસના વિના કોઈ વાત સિદ્ધ થતી નથી." (વચ.ગ.પ્ર. ૫૬)

"માટે બીજાં સાધનના બળને તજીને એકલું ભગવાનની ઉપાસનાનું બળ રાખવું અને જે એવો ભક્ત હોય, તે તો એમ સમજે જે, 'ગમે તેવો પાપી હોય ને અંત સમે જો તેને 'સ્વામિનારાયણ' એવા નામનું ઉચ્ચારણ થાય, તો તે સર્વ પાપ થકી છૂટીને બ્રહ્મમહોલને વિષે નિવાસ કરે, તો જે ભગવાનનો આશ્રિત હોય તે એ ભગવાનના ધામને પામે એમાં શો સંશય છે ? ' એમ માહાત્મ્ય સમજે તે સારું જે ભગવાનનો ભક્ત હોય તેને ભગવાનની ઉપાસનાનું બળ સત્સંગ કરીને દિવસે દિવસે વૃદ્ધિ પમાડવું." (વચ.ગ.પ્ર. ૫૬)

"જેમ નદી તરવી હોય ત્યાં તો જેને તરતાં આવડતું હોય તે તરી જાય ને તરતાં ન આવડતું હોય તે તો ઊભો થઈ રહે. પણ જ્યારે સમુદ્ર તરવો હોય ત્યારે તો તે બેયને વહાણનું કામ પડે છે. તેમ ટાઢ, તડકો, ભૂખ, તરસ, માન, અપમાન, સુખ, દુઃખ તે રૂપી જે નદી તેને તો આત્મનિષ્ઠાવાળો હોય તે તરી જાય, પણ મૃત્યુ સમય તો સમુદ્ર જેવો છે; માટે ત્યાં તો આત્મનિષ્ઠાવાળો હોય તથા વગર આત્મનિષ્ઠાવાળો હોય એ બેયને ભગવાનની ઉપાસનારૂપી વહાણનું કામ પડે છે. અંત સમે આત્મનિષ્ઠા કાંઈ કામમાં આવતી નથી. તે સારું ભગવાનની ઉપાસનાને દૃઢ કરીને રાખવી." (વચ.ગ.પ્ર. ૬૧) ■■■

શિક્ષણદર્શન

- શ્રી ભાણદેવજી

૧. જીવનદર્શન :

(૧) સમગ્ર જીવન યોગ છે.

(૨) જીવનનિષ્ઠ અધ્યાત્મનો સ્વીકાર છે, જીવનવિમુખ અધ્યાત્મ નહીં.

(૩) જીવનના અનેક અને અનેકવિધ આયામો છે. આ સર્વ આયામોનો સ્વીકાર અને આ સર્વ આયામોની કેળવણી થવી જોઈએ.

(૪) આ જગત મિથ્યા કે માયારૂપ નથી. આ જગત પ્રભુની અભિવ્યક્તિ છે.

(૫) આ જીવન જેવું છે, તેવું જ પર્યાપ્ત નથી. સમગ્ર જીવનનું આમૂલાગ્ર રૂપાંતર થવું જોઈએ. તદ્નુસાર શિક્ષણનો હેતુ છે - સંપૂર્ણજીવનનું રૂપાંતર.

૨. પૂર્ણ કેળવણી :

સમગ્ર જીવનની કેળવણી, તે જ પૂર્ણ કેળવણી છે. પૂર્ણ કેળવણીનાં પાંચ સ્વરૂપો છે.

(૧) શરીરની કેળવણી
(૨) પ્રાણની કેળવણી
(૩) મનની કેળવણી
(૪) અંતરાત્માની કેળવણી
(૫) અતિમાનસ કેળવણી

૩. શરીરની કેળવણી :

એક સૈનિક શરીરને કેળવે છે અને એક સાધક શરીરને કેળવે છે. બંને શરીરને કેળવે છે, પરંતુ બંનેની શરીર-કેળવણીનો હેતુ એક નથી. સૈનિક શરીરને કેળવે છે - ઘા મારવા માટે અને ઘા ઝીલવા માટે! એક સાધક શરીરને કેળવે છે - અધ્યાત્મપથ પર ગતિ કરવા માટે અને અધ્યાત્મના ભારને ઝીલી શકે તેવું શરીર કેળવવા માટે. તદ્નુસાર બંનેના ખાનપાન અને શરીર કેળવણીનાં માધ્યમો પણ ભિન્ન ભિન્ન હોય, તે સ્વાભાવિક જ છે.

અધ્યાત્મપથના પથિક શરીરને કેળવવા માટે શું કરશે?

(૧) વ્યાયામ - સૂર્ય નમસ્કાર આદિ
(૨) રમતગમત : દેશીરમતો, ચાલવું, દોડવું આદિ.
(૩) યોગાસન - પ્રાણાયામ
(૪) સમતોલ નિરામિષ આહાર
(૫) ખામી કે રોગ હોય તો ઉચિત ચિકિત્સા

૪. પ્રાણની કેળવણી :

પ્રાણ એટલે શું? વ્યવહારમાં અનેક વાર 'આત્મા' અને 'પ્રાણ'ને પર્યાયવાચક ગણવામાં આવે છે. પરંતુ વસ્તુતઃ પ્રાણ અને આત્મા એક નથી. પ્રાણ તો આત્માનાં પાંચ શરીરમાંનું એક શરીર છે. ઉપનિષદમાં આત્માનાં પાંચ શરીર ગણાવ્યાં છે.

(૧) અન્નમય કોશ - સ્થૂળ શરીર
(૨) પ્રાણમય કોશ - સૂક્ષ્મ શરીર
(૩) મનોમય કોશ - સૂક્ષ્મ શરીર
(૪) વિજ્ઞાનમય કોશ - કારણ શરીર
(૫) આનંદમય કોશ - મહાકારણ શરીર

આમ પ્રાણ આત્મા નહીં પણ આત્માનું એક કરણ છે. પ્રાણ એટલે જીવનશક્તિ **(Vital energy)**. પ્રાણ, શરીર અને મનને જોડનાર વચલી કડી છે. શરીર અને મનને શક્તિ પૂરી પાડવાનું કાર્ય પ્રાણ કરે છે.

પ્રાણની કેળવણી દ્વારા શું સિદ્ધ કરવાનું છે?

(૧) પ્રાણ બળવાન હોય
(૨) પ્રાણ નિર્મલ હોય
(૩) પ્રાણ ઊર્ધ્વગામી હોય

નિમ્નગામી પ્રાણ ભોગનો કારણ છે એ ઊર્ધ્વગામી પ્રાણ યોગનો કારક છે.

(૪) પ્રાણ સુસંવાદી અને સમતોલ હોય.

વિસંવાદી પ્રાણ શરીર અને મનને વિસંવાદી બનાવી દે છે.

પ્રાણની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે?

(૧) પ્રાણાયામ
(૨) સંયમી જીવનપદ્ધતિ
(૩) પ્રાણની ક્રિયાઓ પ્રત્યે સભાન બનવું
(૪) પ્રાણની ક્રિયાઓ પર નિયંત્રણ રાખવું

૫. મનની કેળવણી :

મન એટલે શું? મન આત્માનું એક મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ સાધન છે, કરણ છે, માધ્યમ છે. મન એક શરીર છે, મનોમય કોશ છે.

મનનાં ચાર સ્વરૂપો છે, જેમને અંતઃકરણ ચતુષ્ટય કહેવામાં આવે છે. આ અંતઃકરણ ચતુષ્ટય આ પ્રમાણે છે - મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર

મન - સંકલ્પ વિકલ્પ કરે છે.

બુદ્ધિ - વિચારણા અને સંકલ્પ કરે છે.

ચિત્ત - ચિંતન અને સંગ્રહ કરે છે.

અહંકાર - અજ્ઞાનાવસ્થામાં સંચાલન કરે છે.

મનની કેળવણી દ્વારા શું સિદ્ધ કરવાનું છે ?

(૧) એકાગ્રતા શક્તિ, ધ્યાન આપવાની શક્તિનો વિકાસ.

(૨) મનોજગતનો વિસ્તાર, વિશાળતા, સંકુલતા અને મનોમય સમૃદ્ધિનો વિકાસ.

(૩) મનોમય ચેતનામાં કોઈ ઉચ્ચ આદર્શની સ્થાપના અને જીવનશૈલી તે ઉચ્ચ આદર્શની આસપાસ ગોઠવાય તેવું મનોમય સંગઠન.

(૪) વિધાયક દૃષ્ટિકોણ.

(૫) કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર - આ ષડ્‌રિપુમાંથી મનને મુક્ત કરવું અને મુક્ત રાખવું અર્થાત્ ચિત્ત શુદ્ધિ.

(૬) મન પર નિયંત્રણ. અનાવશ્યક અને નિરર્થક માનસિક ક્રિયાઓનો ત્યાગ.

(૭) મનની નિરવ અવસ્થાની પ્રાપ્તિ.

(૮) ચેતનાના ઊર્ધ્વ પ્રદેશોમાંથી આવનારી પ્રેરણાઓને ઝીલવા માટે મનનું ખુલ્લાપણું અને તે માટે મનની શક્તિ કેળવવી..

મનની આ સ્વરૂપની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે ?

(૧) મનની કેળવણી માટેનો સંકલ્પ.

(૨) ગાયત્રી આદિ મંત્રોનો જપ.

(૩) મનની ક્રિયાઓ પરત્વે જાગરુકતા.

(૪) મનની ક્રિયાઓ પર નિયંત્રણનો સંકલ્પ અને તદનુરૂપ અભ્યાસ.

(૫) પ્રાણાયામનો અભ્યાસ.

(૬) ધ્યાનનો અભ્યાસ.

(૭) ઉત્તમ ગ્રંથોનો સ્વાધ્યાય.

(૮) ઉત્તમ સ્થાન અને ઉત્તમ વ્યક્તિઓનો સંગ.

૬. અંતરાત્માની કેળવણી :

અંતરાત્મા એટલે શું ? અંતરાત્માને ચૈત્યપુરુષ **(Psychic)** પણ કહેવામાં આવે છે.

પરમાત્મામાંથી, પરમાત્માના પ્રતિનિધિરૂપે જે તત્ત્વ સીધું ઊતરી આવ્યું છે, તે ચૈત્યપુરુષ છે. ચૈત્યપુરુષ એક વિકાસશીલ ચેતના છે. જેમ જેમ વિકાસ થતો જાય, તેમ તેમ ચૈત્યપુરુષની દિવ્ય સંભાવનાઓ અભિવ્યક્ત થવા માંડે છે.

સામાન્યતઃ માનવીમાં ચૈત્યપુરુષ અર્થાત્ અંતરાત્મા બહિરંગ ચેતનાના પડદા પાછળ હોય છે. આ બહિરંગ ચેતનાના પડદાને ભેદીને ચૈત્યપુરુષ આગળ આવે છે, ત્યારે તે વ્યક્તિત્વ, જીવન અને અધ્યાત્મયાત્રાનો સંચાલક બને છે. મન, પ્રાણ અને શરીર તેનાં માધ્યમો કે કરણો બને છે. આપણા અધ્યાત્મરથનો સારથી જ્યારે ચૈત્યપુરુષ બને છે, ત્યારે જ આપણી પૂર્ણયોગની સાધનાનો નિશ્ચયાત્મક અને યથાર્થ પ્રારંભ થાય છે.

ભગવત્ પ્રેમ અને ભગવાન પ્રત્યે સમર્પણભાવ - આ ચૈત્યપુરુષનાં સ્વરૂપગત તત્ત્વો છે.

ઉપનિષદોમાં 'અંગુષ્ઠમાત્ર પુરુષ' નું કથન છે. આ કથન 'ચૈત્યપુરુષ' વિશે છે.

આપણે સામાન્ય અર્થમાં જેને 'આત્મા' કહીએ છીએ, તે અને 'ચૈત્યપુરુષ' કહે છે, તે બંને સર્વથા એક જ તત્ત્વ નથી.

આત્મા સદા નિર્વિકાર અને સર્વદા અપરિવર્તનશીલ છે. આત્મા પોતાનું એક સ્વરૂપ ઉત્ક્રાંતિમાં મૂકે છે - વિકાસની પ્રક્રિયામાં ભાગીદાર થવા માટે અને ઉત્ક્રાંતિમાં આગેવાન થવા માટે! આત્માનું આ સૃષ્ટિમાં ઉત્ક્રાંતિમાં ઊતરી આવેલું તત્ત્વ તે જ 'ચૈત્યપુરુષ' છે.

ચૈત્યપુરુષ ઉત્ક્રાંતિમાં ઊતરી આવેલું ચૈતન્ય છે. એટલું જ નહીં, પરંતુ ઉત્ક્રાંતિ થઈ રહેલું અર્થાત્ વધુને વધુ અભિવ્યક્ત થઈ રહેલું ચૈતન્યતત્ત્વ છે.

આત્માને ઉત્ક્રાંતિ નથી; ચૈત્યપુરુષને ઉત્ક્રાંતિ છે. બંને વચ્ચેનો મૂળભૂત ભેદ આ છે.

ચૈત્યપુરુષનો વિકાસ એટલે શું ?

(૧) ચૈત્યપુરુષ પડદા પાછળથી આગળ આવે છે.

(૨) ચૈત્યપુરુષ વધુને વધુ

અભિવ્યક્ત થાય છે.

(૩) ચૈત્યપુરુષ વ્યક્તિત્વ અને વ્યક્તિની વિકાસયાત્રાનો આગેવાન કે સંચાલક બને છે.

(૪) ચૈત્યપુરુષ જીવનનું કેન્દ્રીભૂત સ્વરૂપ ધારણ કરે છે.

(૫) શરીર-પ્રાણ-મન ચૈત્યપુરુષના આધિપત્ય અને માર્ગદર્શનનો સ્વીકાર કરે છે.

(૬) આપણા જીવનમાં અહંકારનું સ્થાન છે, તે સ્થાને ચૈત્યપુરુષ પ્રતિષ્ઠિત થાય છે.

(૭) સાધકનું સમગ્ર જીવન ચૈત્યપુરુષની આગેવાની હેઠળ પરમાત્મા પ્રત્યે તીરની જેમ છૂટે છે.

(૮) સાધકનું સમગ્ર જીવન રૂપાંતરિત થવા માંડે છે.

અંતરાત્મા (ચૈત્યપુરુષ)ની આ સ્વરૂપની કેળવણી કેવી રીતે સિદ્ધ થાય છે ?

(૧) સમર્પણભાવ

(૨) અંતરાત્માનું ધ્યાન - હૃદય કેન્દ્રમાં ધ્યાન

(૩) અંતરાત્માના જાગરણની તીવ્ર અભીપ્સા

(૪) મંત્રજપ

૭. સાચી કેળવણીના સિદ્ધાંતો :

(૧) શિક્ષણ વિદ્યાર્થી પર લાદી શકાય નહીં. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીને શિક્ષણમાં સહાય કરવાનું છે.

(૨) શિક્ષક વિદ્યાર્થીને જ્ઞાન કેવી રીતે મેળવવું, તેની પદ્ધતિ શીખવે છે.

(૩) શિક્ષક વિદ્યાર્થીની અંદર રહેલાં જ્ઞાનને બહાર કાઢવાનું કામ કરતો નથી, પરંતુ આ જ્ઞાન વિદ્યાર્થીમાં છે તે વિદ્યાર્થીને શીખવે છે અને તે જ્ઞાન બહાર લાવવાનો અભ્યાસ કેવી રીતે કરી શકાય, તે બતાવે છે.

(૪) શિક્ષણ જીવનભર ચાલતી પ્રક્રિયા છે.

(૫) શિક્ષણમાં સ્ત્રી-પુરુષનો ભેદ કરવો જોઈએ નહીં.

(૬) પ્રત્યેક વ્યક્તિ પરમાત્માનું વિશિષ્ટ સર્જન છે, તદ્નુસાર તેની વિકાસયાત્રા પણ વિશિષ્ટ રહેશે. બધાનું એક જ પ્રકારનું અને એક જ રીતે શિક્ષણ થાય તેમ નથી.

(૭) શિક્ષણ એટલે પૂર્ણતા તરફ ગતિ.

(૮) શિક્ષણ પરીક્ષામાં સફળતા માટે નથી; વધુ ગુણ પ્રાપ્ત કરવા માટે નથી અને સારી નોકરી મેળવવા માટે પણ નથી. શિક્ષણ જીવનવિકાસ માટે છે.

(૯) વિદ્યાર્થી માતાપિતા કે શિક્ષકની કલ્પના પ્રમાણે વિકાસ પામે - આ દૃષ્ટિ ઉચિત નથી. વિદ્યાર્થી પોતાના વિશિષ્ટ સ્વરૂપને અનુરૂપ વિકાસ સાધે, તે દૃષ્ટિ ઉચિત છે. ડૉક્ટરનો પુત્ર ડૉક્ટર જ બને, તે આવશ્યક નથી, તે સંગીતકાર પણ બની શકે છે.

(૧૦) શિક્ષણમાં અધ્યાત્મનો પુટ આપવો જોઈએ.

(૧૧) બાળક પર નીતિમત્તા લાદવાની નથી. તેની નીતિમત્તાને અભિવ્યક્ત થવા દેવાની છે. ■■■

ચંદ્રાવળા

- ત્રિભુવનભાઈ વ્યાસ

કનક-કાંતા

કાંતા કનકના મોહની જાળે -
સારું જગત સલવાણું,
વીંછીનો ડંખ છે નારીનાં નખરાં -
નાગનો કરડ છે નાણું !
નાગનો કરડ છે નાણું ભયંકર,
નિત નિત પાપ કરાવે નવતર
કહે કોવિદરામ જીવતર બાળે,
કાંતા કનકના મોહની જાળે,
સારું જગત સલવાણું.

હેમ અને હેમા અથવા કનક અને કાંતા અથવા સુવર્ણ અને સુંદરીનો મોહ જીવને શિવ સુધી પહોંચવા દેતો નથી.

અહીં સુવર્ણનો અર્થ માત્ર સોનું ન કરતા સંપત્તિ એવો પણ કરી શકાય.

આજનો માણસ રૂપ અને રૂપિયા પાછળ પાગલ થયો છે. વિદ્વાનોએ આ બન્ને પ્રકારના મોહને માણસના પતનનું પ્રથમ પગથિયું કહ્યા છે.

આ ચંદ્રાવળામાં કવિએ નારીનાં નખરાંને વીંછીના ડંખની અને સંપત્તિના મોહને નાગના દંશની ઉપમા આપી છે.

વીંછી અને નાગ બન્ને ઝેરી જનાવર હોવાથી જેને કરડે તેને અસહ્ય પીડા આપીને મરણને શરણ કરે છે. એવી જ રીતે સુંદરી અને સંપત્તિનો મોહ પણ માનવીને વિષજન્ય વેદના આપી અંતે પાયમાલ કરે છે.

આ બેમાંથી કોઈ એકની માયાજાળમાં ફસાયેલો માણસ દરરોજ પાપ કરે છે અને આયુષ્ય ઓછું કરે છે.

મહત્વની વાત એ છે કે, આજે આખું જગત કનક-કાન્તાની પાછળ મોહિત થઈને દુઃખી થઈ રહ્યું હોવા છતાં એ દુઃખ કોઈને દેખાતું જ નથી. સહુ એ દુઃખને જ જીવનરીતિ માનીને જીવી રહ્યા છે. કોઈને કોઈ વિચાર જ નથી, એટલે એ દુઃખમાંથી ઉગરવાનો ઉપાય શોધતા નથી. શોધતા નથી એટલે મળતો નથી.

માટે જ કોઈ સાચા સંતને શરણે જઈ પોતાની જાતને તપાસીએ ત્યારે જ માયાના મોહમાંથી ઉગરી શકાય. ■■■

સત્શાસ્ત્ર વ્યસનાય નમઃ

- પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી

'સત્શાસ્ત્ર વ્યસનાય નમઃ' એવું શ્રીજી મહારાજનું એક નામ જનમંગલ સ્તોત્રમાં અને 'અધીતાખિલસચ્છ્રાસ્ત્રાય નમઃ' એવું બીજું નામ સર્વમંગલ સ્તોત્રમાં એમ સદ્‌ગુરુ શતાનંદ સ્વામીએ શ્રીજીમહારાજના આવા બે નામાભિધાન કરેલા છે. આ બંને નામ પાછળનો હેતુ જીવોને કલ્યાણમાર્ગે દોરવાનો છે. સ્વયં પરમાત્માને શાસ્ત્રોનો અભ્યાસ કરવાની કોઈ જરૂર હોતી નથી, પરંતુ પોતાના આશ્રિતોને પ્રેરણા આપવા માટે, શીખવવા માટે ભગવાન પોતે પણ સત્શાસ્ત્રોનો મહિમા વધે એવું કાર્ય કરે છે.

સત્શાસ્ત્ર માણસની એક અંદરની આંખ બની રહે છે. આ દિવ્ય આંખ દ્વારા એ જગતને, પોતાને અને જગદીશને જાણી શકે છે. એટલા માટે 'પ્રભો સદ્વિદ્યાના...'આ પ્રાર્થનામાં સત્શાસ્ત્રોનું પઠન-પાઠન-મનનમાં જો મનુષ્યની મનોવૃત્તિ રસપૂર્વક જોડાય તો એને વ્યવહારિક જગત અને આધ્યાત્મિક જગતમાં વિવેકદ્રષ્ટિ પ્રાપ્ત થાય.

સ્વયં પરમાત્મા અવતાર ધારણ કરીને આવે ત્યારે પોતે પણ પોતાના આશ્રિતજનોને શીખવવા માટે શાસ્ત્રનો અભ્યાસ કરે છે અને સદાય સત્શાસ્ત્રોના વ્યસની બની રહે છે. એટલું જ નહીં, પરંતુ કલ્યાણકારક જેટલા પણ સત્શાસ્ત્ર છે એ બધાને એવી પ્રતિષ્ઠા અપાવે છે કે એ સત્શાસ્ત્રો માનવજીવન માટે કાયમ દીવાદાંડી સમાન બની રહે.

શ્રીજી મહારાજે શિક્ષાપત્રી જેવું નાનકડું શાસ્ત્ર આપણને આપ્યું છે અને આ શાસ્ત્ર દરરોજ પૂજામાં પધરાવીને પૂજા પૂરી થાય પછી એનું નિત્ય નિયમિત પઠન કરવાની પણ આપણને આજ્ઞા આપેલી છે. શિક્ષાપત્રી ભલે ૨૧૨ શ્લોકની નાનકડી પુસ્તિકા લાગે, પરંતુ તેમાં શ્રીજી મહારાજે સત્શાસ્ત્રોનો સાગર સમાવી દીધેલો છે. શિક્ષાપત્રીનું વાંચન અથવા શ્રવણ કરીએ ત્યારે આપણને વાચક તરીકે કે શ્રોતા તરીકે અવશ્ય એવી પ્રતીતિ થાય છે કે, આ શિક્ષાપત્રી મારા હિત માટે તેમજ સમગ્ર માનવજાતના કલ્યાણ માટે છે. એટલું જ નહીં, શિક્ષાપત્રી સૃષ્ટિના બધા જ જીવોના હિત માટે લખાયેલી છે. 'સર્વજીવહિતાવહાય નમઃ.'

શિક્ષાપત્રી વાંચીને મૂકી દઈએ અને એનું મનન ન કરીએ તો એના આવા ઊંચા આશયો આપણા અંતરમાં સ્થિર થતા નથી અને આપણે માત્ર શિક્ષાપત્રી પાઠ કર્યાનો સંતોષ માની લઈએ છીએ.

વાસ્તવિક રીતે શિક્ષાપત્રીનું વાંચન અને ત્યાર પછી એનું મનન થવું અનિવાર્ય છે. મનન કરે તો જરૂર પોતાનાં જીવનમાં જે જે આજ્ઞાઓ ન પાળી શકાતી હોય તેની એક યાદી મળે છે અને એ આજ્ઞા પાળવા માટેની પ્રેરણા પણ મળે છે. માટે વાંચન અને મનન બંને અવશ્ય કરવાં જોઈએ. શિક્ષાપત્રી વાંચ્યા પછી આપણને કોઈ શ્લોક જો સ્પર્શી જાય તો એ આપણા જીવનનો એક મંત્ર બની રહે છે.

ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજને પણ સદ્‌વિદ્યા પ્રવર્નતનનો મંત્ર એટલો સ્પર્શી ગયો કે આજે ભણતરના માધ્યમથી અનેક લોકોને સત્સંગના દિવ્ય કલ્યાણનો માર્ગ પ્રાપ્ત થાય છે. આપણે બધા એના લાભાર્થી છીએ. આ અર્થમાં શિક્ષાપત્રી વાંચવી, વિચારવી અને એનું જેટલું બને તેટલું પાલન કરવાનો પ્રયત્ન કરવો. તો આપણે શ્રીજી મહારાજના ખરા આશ્રિત કહેવાઈએ તેમ જ આપણું કલ્યાણ આલોક-પરલોકમાં અવશ્ય થાય.

એક સત્સંગી તરીકે મને પોતાને હંમેશાં સત્સાસ્ત્રોનું વાંચન-મનન કરવાનું વ્યસન કે ટેવ પડે તો એ એક બહુ સારી નિશાની છે, કારણ કે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીમાં સત્શાસ્ત્રો ભણવાની અને સાંભળવાની પણ મહત્વની આજ્ઞા આપેલી છે.

શિક્ષાપત્રીના શ્લોક નંબર ૯૩ થી ૯૬ સુધીના ચાર શ્લોકો દરેક સત્સંગીને સત્શાસ્ત્રોના મનન-પઠન તરફ અંગુલી નિર્દેશ કરે છે.

વેદાશ્ચ વ્યાસસૂત્રાણિ શ્રીમદ્ ભાગવતાભિધમ્ ।
પુરાણં ભારતે તુ શ્રીવિષ્ણોર્નામસહસ્ત્રકમ્ ॥ ૯૩
તથા શ્રી ભગવદ્ ગીતા નીતિશ્ચ વિદુરોદિતા ।
શ્રીવાસુદેવ મહાત્મ્યં સ્કાન્દવૈષ્ણવખંડગમ્ ॥ ૯૪
ધર્મશાસ્ત્રાન્તર્ગતા ચ યાજ્ઞવલ્કય ઋષિઃ સ્મૃતિઃ ।
એતાન્યષ્ટ મમેષ્ટાનિ સચ્છાસ્ત્રાણિ ભવન્તિ હિ ॥૯૫
સ્વહિતેચ્છુભિરેતાનિ મચ્છિષ્યૈઃ સકલૈરપિ ।
શ્રોતવ્યાન્યથ પાઠ્યાનિ કથનીયાનિ ચ દ્વિજૈઃ ॥ ૯૬

શ્રીજી મહારાજ લખે છે કે, ચાર વેદ, વ્યાસ સૂત્ર, શ્રીમદ્ ભાગવત પુરાણ, મહાભારતમાંથી શ્રીવિષ્ણુસહસ્ત્રનામ તથા શ્રીમદ્ ભગવદ્‌ગીતા તથા વિદુરનીતિ, સ્કંદ પુરાણના વિષ્ણુ ખંડમાં રહેલું એવું શ્રીવાસુદેવમાહાત્મ્ય અને ધર્મશાસ્ત્રના મધ્યમાં રહી એવી જે યાજ્ઞવલ્ક્ય ઋષિની સ્મૃતિ - આ આઠ સત્શાસ્ત્ર અમને

ખૂબ જ પ્રિય છે. તેથી પોતાના હિતને ઈચ્છતા એવા જે અમારા સર્વે શિષ્ય તેમણે આ સત્શાસ્ત્રોને સાંભળવા અને અમારા આશ્રિત જે દ્વિજ તેમણે એ સત્શાસ્ત્ર ભણવા, ભણાવવા તથા એમની કથા કરવી.

આજના જમાનામાં ભણતર ખૂબ વધ્યું છે. ભણવા માટે પુસ્તકોની તેમજ ડિજિટલ માધ્યમોની બોલબાલા છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ ભણતરની પ્રક્રિયામાં જોડાયેલા છે. તો પણ સત્શાસ્ત્રનું વાંચન અને મનન એ તો ભાગ્યે જ થતું હશે.

સત્સંગી તરીકે આપણે પણ આ ગ્રંથો ભાગ્યે જ જોયા હશે. ગ્રંથાલયની શોભારૂપ આ ગ્રંથો આપણને આ લોકમાં તેમજ પરલોકમાં કલ્યાણનો રાહ ચિંધે છે.

પરંતુ આપણે આજે કલ્યાણ માન્યુ છે રૂપિયાની કમાણી કરવામાં, દીકરા-દીકરીઓને ભણાવી ગણાવીને વિદેશ મોકલીને ખૂબ રૂપિયા કમાવવા છે અને ખૂબ જ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવી છે. ખૂબ જ મોજ શોખ અને જલસા કરવા છે. એટલા માટે આપણે આ દુનિયાદારીની બધી વિદ્યાઓ ભણીએ છીએ અને ભણાવીએ છીએ.

સમયની ગર્તામાં આપણે એવા માર્ગે ચડી ગયા છીએ કે આજે વેદ, પુરાણ કે અન્ય ગ્રંથોના નામ લઈએ તો પણ આપણે રૂઢિચુસ્ત ગણાઈએ. એમાં એના વાંચન-મનન કે ભણતરની વાત ક્યાં આવે?

તોપણ શ્રીજી મહારાજની આ આજ્ઞા સમજીને જો કોઈ આ ગ્રંથોનાં દર્શન કરે, એને ખોલે, એનું વાંચન કરે તો એના અંતરમાં ઘણો જ સમજણનો પ્રકાશ પથરાય જાય છે.

સેવામૂર્તિ પાર્ષદવર્ય શ્રી નારાયણ ભગતે વૃદ્ધાવસ્થામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે આ આઠે આઠ શાસ્ત્રોનો પાઠ આપણા સંત ગુરુ સ્વામી સાધુ ધર્મપ્રિયદાસજી પાસે કરાવેલા અને પોતે વિધિવત શ્રોતા તરીકે આ આઠેય સત્શનું શ્રવણ કરેલું. તેમજ દરેક ગ્રંથ પૂર્ણાહુતિ પ્રસંગે વક્તાશ્રીનું પૂજન પણ કરતા. આ રીતે ભગતજી શ્રીજી મહારાજની આજ્ઞા પાળીને પોતે દિવ્ય રીતે ભગવાન શ્રીહરિના અક્ષરધામમાં પધાર્યા હતા. જેના આપણે સૌ સાક્ષી છીએ.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી આજે આ સત્શાસ્ત્રોનુ પઠન-પાઠન દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલયમાં થાય છે, જેમાં ૧૮૦ જેટલા ઋષિકુમારો અને સંતો વેદાદિક શાસ્ત્રોનો વિદ્યાઅભ્યાસ કરી રહ્યા છે.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ - આ ચારેય વેદોનું અધ્યાપન દર્શનમ્ સંસ્કૃત વેદ વિદ્યાલયમાં થાય છે. તેમજ વેદાંત, ન્યાય, મીમાંસા, વ્યાકરણ તેમજ સાહિત્ય જેવા શાસ્ત્રોનું અધ્યયન અને અધ્યાપન પણ આપણી પાઠશાળામાં નિયમિત રીતે છેલ્લા ૨૫ વર્ષોથી થાય છે.

હરિભક્તો તરીકે આપણે ક્યારેક ક્યારેક વેદમંત્રોનું શ્રવણ કરવા માટે SGVP દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાયની મુલાકાત લેવી જોઈએ. તેમ જ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર ખાતે દર મહિને યોજાતી શ્રીહરિ જયંતિ પ્રસંગે આયોજિત રાજોપચાર પૂજામાં પણ ચારેય વેદના મંત્રોથી ભગવાનની સેવા થાય છે, તેમ જ સત્સાસ્ત્રોના ઉચ્ચારણથી પણ ભગવાનની વિધિવત સેવાપૂજા થાય છે તેનો લાભ લેવો જોઈએ.

વેદમંત્રોનુંશ્રવણ અને સત્શાસ્ત્રોનું વાંચન એ આપણા જીવનમાં એક સકારાત્મક ઊર્જા પેદા કરે છે. એટલા માટે સદ્વિદ્યાના સંસ્કારોમાં સત્શાસ્ત્રોના પઠનપાઠન થાય એ આપણા ઐહીક અને પારલૌકીક જીવન માટે ખૂબ જ જરૂરી છે.

શાસ્ત્ર જ્યારે આપણું પોતાનું બને છે ત્યારે આપણા જીવનમાં સત્સંગ સભર સદ્ગુણોનું સિંચન થાય છે. જેને આપણે સંસ્કારસિંચન કહીએ છીએ. આવા અનેક સંસ્કારોનું ધામ એટલે શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અને તેની વિવિધ શાખાઓમાં સંતો, ઋષિકુમારો, યુવાન વિદ્યાર્થીઓ અને હરિભક્તો આ સેવા કાર્યમાં જોડાયેલા છે.

શાસ્ત્ર સંતસમાગમની પણ પ્રેરણા આપે છે અને સંતો શાસ્ત્રના આધારે આપણા જીવનમાં સંસ્કારોનું સિંચન પણ કરે છે. અથાત્ સત્શાસ્ત્ર અને સંતજીવન એકબીજા ઉપર આધારિત છે. આ બંને કલ્યાણના ઉત્તમ માધ્યમો માનવજીવનને વ્યવસ્થિત રીતે ઘડે છે.

આપણા દૈનિક જીવનમાં આહાર, વિહાર, વિચાર, વ્યવહાર એ દરેક બાબતોમાં સત્શાસ્ત્રો અને સંતો આપણને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડે છે. એટલે આ પ્રાર્થનામાં કવિવર ત્રિભુવનભાઈ વ્યાસ લખે છે કે..

સદા સત્શાસ્ત્રોના મનન પઠને વૃત્તિ વળજો,
તમારા સંતોને ભગવદીયનો સંગ મળજો,
વિહારો આહારો તન મન વડે શુદ્ધ જ હજો,
પ્રભો ! સદ્વિદ્યાના અમ હૃદય સંસ્કાર ભરજો...■■■

ખીમા ડોબરિયા

- સાધુ યજ્ઞવલ્લભદાસ

અમરેલીની આસપાસ શેત્રુંજી નદીના કિનારે વસેલો વિસ્તાર ખમીરવંતો છે. ભગવાન શ્રીસ્વામિનારાયણના સમયમાં આ પ્રદેશમાં અનેક ભક્તો થયા છે. જેમાં મહામુક્તરાજ રાજબાઈ, કરશન બામણિયા, વીરા શેલડિયા જેવા ભક્તો અગ્રગણ્ય છે.

અમરેલીથી દક્ષિણમાં આશરે આઠ માઈલને અંતરે આવેલ પીઠવાજાળ ગામમાં રહેતા ભક્તરાજ ખીમા ડોબરિયા સદ્‌ગુરુ રાઘવાનંદ સ્વામીના યોગમાં આવવાથી ભગવાન શ્રીસ્વામિનારાયણના અનન્ય ભક્ત થયા હતા. એમનાં જીવનમાં શ્રીહરિની નિષ્ઠા અને કેફ છલોછલ ભર્યાં હતાં.

વાત ખૂબ જૂની છે. એ સમયે હજું પીઠવાજાળ ગામમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનો સત્સંગ પ્રસર્યો નહોતો. ગામમાં એક ચોરો હતો. ચોરામાં એક મહાત્માજી રહેતા હતા. મહાત્માજીએ પોતે જ પોતાને ગામના ગુરુ તરીકે સ્થાપી દીધા હતા.

મહાત્માજીની કાયા પાંચ હાથ પૂરી હતી, મોટી દાઢી અને ઊંડી ઊતરી ગયેલી આંખો હતી. મહાત્માજીનો વેશ અદ્‌ભુત હતો. કડધીંગી કાયાને વેતના વસ્ત્રે ઢાકતા, રાખનું લેપન કરી શરીર શણગારતા, ભેંસ ભડકે એવું ટીલું કરતા અને આખો દિવસ મીલના ભુંગળામાંથી ધુવાડો નીકળે એમ એમની પર્ણકુટીમાંથી અફીણ-ગાંજો-તમાકુનો ધુમાડો નિકળ્યે રાખતો. એક હાથમાં ચલમ અને બીજા હાથમાં ચીપિયો હમેશાં રહેતો. દૂરથી મહાત્માજીનાં દર્શન કરીએ તો જાણે સાક્ષાત્ યમરાજના પાર્ષદ આસન વાળીને બેઠા હોય એવું લાગતું.

મહાત્માજીએ ભોળા લોકોને પ્રભાવિત કરી આખું ગામ વશ કરી લીધું હતું. ગામના લોકો પણ હરખે દોડી દોડી મહાત્માજીનું પૂજન-વંદન કરવાં આવતાં. મહાત્માજી દર્શનાર્થીનાં ભાલમાં રાખના ચાંદલા કરી ભાંગીતૂટી હિંદી ભાષામાં આશીર્વાદ આપતા. આશીર્વાદ મેળવી લોકો ધન્યધન્ય સમજતા અને બે-પાંચ આના ગુરુદક્ષીણા મૂકી આત્મશુદ્ધિ કરતા.

પીઠવાજાળમાં એક વખત સદ્‌ગુરુ રાઘવાનંદ સ્વામી તથા રામાનુજાનંદ સ્વામી પધાર્યા. ગામમાં કોઈ સત્સંગી નહોતું, તેથી બન્ને સંતો ગામની સીમમાં એક લીંબડા નીચે બપોરના સમયે આરામ લેવા બેઠા.

એ વખતે માર્ગના કાંઠા ઉપર જ ખેતરમાં સાંતી હાંકતો એક ખેડૂત બપોરા કરવાના વિચારથી ત્યાં આવ્યો. બળદને લીંબડાના છાંયે બાંધવાના આશયથી આવેલા ખેડૂતે લીંબડા નીચે બે સાધુઓને જોયા એટલે બળદને થોડે દૂર બાંધ્યા અને તુરત જ ખેડૂત સંતો પાસે આવી બેઠા.

બપોરનો સમય હતો. ખેડૂતને ઘરેથી ભાત આવવાનું હતું એટલે એને વાટ જોવાની હતી, પરંતુ સંતોને તો કોઈ ભાત લઈને આવવાનું નહોતું અને વાટેય જોવાની નહોતી. એમના માટે તો પાસે આવેલા ખેડૂતને ભગવાનની વાત કરવી એ જ ભોજન હતું, ભોજન કરતાંય ઉત્તમ હતું.

બપોરના તડકે કામ કરીને આવેલા ખેડૂતને લીંબડાંના છાંયાની ટાઢકની સાથે સાથે ભગવાનને ધારી રહેલા સંતોનાં સાંનિધ્યની પણ ટાઢક મળી. ખેડૂતને બેસવા માત્રથી હૃદયમાં શાંતિના શેરડા ફૂટ્યા. એવામાં સંતોએ ભગવાનના મહિમાની, જગતના નાશવંતપણાની, વિષય ખંડનની વાતો ચાલું કરી.

જેમ શૂરવીર યોદ્ધાના એક ઘાથી ભડપુરુષની છાતી ભેદાય જાય તેવી રીતે સંતોનાં એકએક શબ્દે ખેડૂતનું અંતઃકરણ ભેદાઈ રહ્યું. એક જ ચિનગારીથી ઘાસના મોટામોટા

ઓઘા સળગી જાય, એ જ રીતે સંતોની વાતરૂપી જ્ઞાનાગ્નિની ચિનગારીથી ખેડૂતના અંતરમાં રહેલા અજ્ઞાનના ઓઘા સળગવા લાગ્યા. માયાનું અંધારું દૂર થયું અને સહજાનંદી સૂર્યના કિરણો ફૂટવા લાગ્યા. એકાદ કલાકના સત્સંગમાં ખેડૂત સાધુઓના રંગે રંગાઈ ગયો. રાઘવાનંદ સ્વામીના પગમાં પડ્યો. ભગવાન શ્રીસ્વામિનારાયણને આશ્રયે લેવા વિનંતી કરી.

રાઘવાનંદ સ્વામીએ ઝોળીમાંથી કંઠી કાઢી, તુંબડામાંથી પાણી લીધું અને ખેડૂતને ભગવાન શ્રીસ્વામિનારાયણની શરણાગતિ આપી. દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહીં અને વટલાવવું નહીં - આ પાંચ મહાવ્રતો ધારણ કરાવ્યા. સવારે નાહી-ધોઈ પૂજા-પાઠ કર્યા પછી જ અન્ન-જળ લેવું તથા 'સ્વામિનારાયણ' મહામંત્રનો જપ કરવાના નિયમો આપ્યા. એ ખેડૂત પીઠવાજાળ ગામના ખીમા ડોબરિયા હતા.

સંતો ખીમા ભગતનું જીવન પરિવર્તન કરી જતા રહ્યા. ભગત સાંજ પડતા ગામમાં આવ્યા. પરંતુ આજે એમનું ગામમાં આવવું રોજ કરતાં જૂદુ હતું. એકની એક જીવનઘરેડમાંથી નીકળી ભગત આજે નવા જ જીવનમાં પ્રવેશ્યા હતા. હવે પછીનો સૂરજ ભગત માટે નવું જીવન લઈને આવવાનો હતો.

બીજા દિવસની સવાર થઈ. ખીમા ભગતે વહેલા ઊઠી સ્નાન કર્યું. સંતોએ સીખવ્યા પ્રમાણે તીલક-ચાંદલો કર્યાં, હાથમાં માળા લઈ 'સ્વામિનારાયણ' મહામંત્રનું રટણ કર્યું. પછી સવારની અન્ય ક્રિયાઓ પતાવી ખીમા ભગત ખેતરે ઉપડ્યા. બળદગાડું લઈને જ્યારે બજારમાંથી નીકળ્યા ત્યારે લોકો ખીમા ભગત તરફ જોઈ જ રહ્યા, કારણ કે આજના ખીમાભાઈ દરરોજ કરતાં જૂદા જ હતા.

ખણખોદિયા લોકોએ તપાસ કરી, તો જાણવા મળ્યું કે કાલે ખીમાને સ્વામિનારાયણના સાધુનો ભેટો થઈ ગયો હતો. તેથી ખીમો હવે સ્વામિનારાયણનો થઈ ગયો છે. વાત હવામાં ઊડી. ચારેબાજુ વવલાઈ. ગામમાં ખીમા ભગત ચર્ચાનું કેન્દ્ર બન્યા. એમાંય જ્યારે ગામના ગુરુના કાને આ વાત પડી ત્યારે તો જાણે આકાશમાંથી વીજળી પડી. એમના માટે તો ગામમાં સડો પેસવા જેવી વાત હતી. કારણ કે, જો આ સડો ગામમાં પ્રસરે તો ગુરુગાદીમાં બાકોરા પડે એમ હતા!

માટે જ મહાત્માજીએ ખીમા ભગતનો સત્સંગ છોડાવવા ભારે પ્રયાસો આદર્યા. આખા ગામના માણસોના કાનમાં અષ્ટંપષ્ટં વાતો કરી ઉશ્કેર્યા અને ખીમા ભગત સાથેનો બધો વ્યવહાર કાપી નખાવ્યો. ગામમાં ન કોઈ ભગત સાથે બોલે કે કોઈ વ્યવહાર કરે. કેટલાંક દિવસ આવું ચાલ્યું, પણ ભગત ઢીલા પડવાને બદલે એમની ભક્તિનો રંગ ચડતો રહ્યો.

પછી મહાત્માજીએ બીજો રસ્તો લીધો. ભગતને ચોરે બોલાવ્યા. ગામના આગેવાનોની હાજરીમાં તિલક-ચાંદલો ભૂસી નાંખવા અને કંઠી તોડી નાખવા દબાણ કર્યું. ભગત ઉપર એની કોઈ અસર ન વર્તાઈ એટલે ધાકધમકી પણ આપી. છતાં ખીમા ભક્ત અડગ રહ્યા.

ખીમા ભગતની અડગતા ઉપર મહાત્માજીનું આસન ડૂબતું જણાતું હતું. એમના મનમાં એમ થયું કે, જો આ ખીમો સ્વામિનારાયણનો ધર્મ નહીં છોડે તો બીજા પણ કેટલાક એની પાછળ સત્સંગી થાશે અને મારી આજીવિકા તથા માનમરતબો જોખમમાં મૂકાશે.

હવે મહાત્માજીને છેવટનો ઉપાય અજમાવવા સિવાય કોઈ રસ્તો દેખાતો નહોતો. મહાત્માએ ભગત ઉપર નિર્દય જુલમ આદર્યો. ખીમા ભગતને ચોરે બોલાવ્યા અને મોટા અને વજનદાર ચીપિયાથી ખૂબ માર માર્યો. મારી મારી મહાત્માજી થાક્યા ત્યારે ભગતને પૂછ્યું, "બોલ, સ્વામિનારાયણનો ધરમ છોડવો છે કે હજું માર ખાવો છે?"

ભગતના શરીર ઉપર ચિપિયાના સોળ ઊઠી આવ્યા હતા. ક્યાંક લોહીના ટશિયા ફૂટી નિકળ્યા હતા. છતાં ભગત ખુમારીથી કહે, "આ એક માથું નહીં પણ કદાચ સો માથાં દેવા પડે તો પણ હું ભગવાન શ્રીસ્વામિનારાયણનો આશ્રય નહીં છોડું અને પાખંડીના પગ નહીં પૂજું."

ભગતનો બેફીકર જવાબ સાંભળી મહાત્માજી ધગતા દેતવા જેવા થઈ ગયા. સાક્ષાત્ યમદૂત આવી ચડ્યા હોય એમ ભગતને પકડ્યા અને ચોરાના પરથાર ઉપર પછાડ્યા. ત્યાંથી ઠસડી ઢોલિયા પાસે લઈ આવ્યા. ઢોલીયાનો એક પાયો ભગતની છાતી ઉપર રાખ્યો અને માતેલા સાંઢ જેવા મહાત્માજી ઢોલિયા ઉપર ચડી બેઠા. બિચારા ભગતને ખૂબ દર્દ થાય છે. મોંઢામાંથી ઉંહકારા નીકળે છે, પણ મહાત્માને કોઈ અસર થતી નથી.

ભગવાનના ભગતને જગતના દુઃખ દુઃખદાયી નખી લાગતા. એ તો દુઃખમાં પણ ભગવાનને સંભારી ભજન કર્યે રાખે છે. પરંતુ ભગવાન જેના રક્ષણહાર થયા છે તેને પામર પાપાત્મા કઈ રીતે દુઃખ આપી શકે?

જેમ પતંગિયું અગ્નિને ઓલવવાનો પ્રયત્ન કરે છે અને સ્વયં ભસ્મ થઈ જાય છે, તેમ આસુરી શક્તિ જ્યારે ભક્ત ઉપર ક્રુરતા વર્ષાવે છે ત્યારે સ્વયંનો નાશ નોતરે છે.

ખીમા ભગતની સહાયે સહજાનંદ પ્રભુ આવ્યા. પોતાના ભગતની છાતી વજ્રની બનાવી દીધી અને એમના મનની વૃત્તિ પોતાની મૂર્તિમાં જોડી દીધી. ભગતને હવે કોઈ દુઃખ નથી. ઊંડી સમાધિમાં ઉતરી ગયા હોય એમ ભગત શાંતિથી સૂતા છે.

ખીમા ભગતને કોઈ દુઃખ નથી એ જોઈ મહાત્માનો પારો વધારે ઊંચે ચડ્યો. એ હલકી ભાષા બોલીને ભગતને ગાળો ભાંડવા લાગ્યો. ભગતે તો શબ્દને આકાશનો ભાગ ગણીને મનમાં મહારાજનું સ્મરણ ચાલું રાખ્યું.

ભગત સહન કરતા હતા, પરંતુ ભગવાનથી સહન થતું નહોતું. હવે વારો મહાત્માજીનો હતો. શ્રીહરિના સંકલ્પે એક બંગા (માખી) ઊડતી ઊડતી આવી અને સીધી મહાત્માજીના કાનમાં પેઠી. ખિજાએલી બંગાએ કાનમાં ચટકા ભરવા ચાલુ કર્યા અને મહાત્માજીની દશા બેઠી. ઘણાં પ્રયત્નો કર્યા, પણ બંગા ઊંડી ને ઊંડી ઊતરતી ગઈ. મહાત્માજીને હવે વરવી વેદના ઉપડી. 'ઓ રામજી મર ગયા, ઓ રામજી મર ગયા' એમ બોલતા બરાડા પાડે અને બે હાથ ઊંચો થઈ પડે.

વેદનાએ માઝા મૂકી. મહાત્માજીએ ગામ માથે લીધું. ચોરામાં ચારે બાજુ હડિયાપાટી કરે અને બરાડા પાડે. પાડો ગાંગરે એમ ગાંગરતા મહાત્માજીના અવાજને સાંભળી આખું ગામ ભેગું થઈ ગયું. આવીને જુએ છે તો મહાત્માજી ગાંડાની જેમ દોડતાં દોડતાં માથા પછાડે છે અને ખીમા ભગત ખાટલાના પાયા હેઠે શાંતીથી સૂતા સૂતા ભજન કરે છે.

આગેવાનોએ મહાત્માજીને પકડ્યા અને પૂછ્યું, "મહાત્માજી ! તમને આ શું થાય છે ?"

મહાત્માજીથી દુઃખ સહ્યું જતું નહોતું. આ દુઃખે મહાત્માને પોતાના કરતૂત ઓળખાવી દીધા હતા. મારાથી ભગવાનના ભગતનો અપરાધ થયો છે એમ તેઓ જાણી ગયા હતા. તેથી કરગરતા બોલ્યા, "સ્વામિનારાયણના ભગત ખીમાને મેં દુઃખ દીધું એટલે સ્વામિનારાયણે મારા ઉપર કંઈક જાદું કર્યો લાગે છે. મારા કાનમાં કાંઈક બેસી ગયું છે અને માથામાં અસહ્ય પીડા જાય છે."

ગુરુની સારવાર માટે લોકો દોડતા થઈ ગયા. કોઈક પાણી લઈ આવ્યું તો વળી કોઈક તેલ લઈને આવ્યું અને ગુરુના કાનમાં રેડ્યું. કોઈ વૈદ્યને બોલાવી લાવ્યું. વૈદ્યે ઉપચાર કર્યા, પણ હાથમાં કઈ આવ્યું નહીં. મહાત્મા પિડાતાં પિડાતાં અંતિમ શ્વાસ લેવા માંડ્યા. અંતે સૌની હાજરીમાં જ મહાત્માજીનું પ્રાણપંખી ઊડી ગયું અને શરીર નિસ્તેજ થઈ પડ્યું રહ્યું.

નજર સામે દૃશ્ય જોઈ ગામના લોકોની બુદ્ધિ ઊઘડી. એમણે ખીમા ભગતને ખાટલા નીચેથી બેઠા કર્યા. મહાત્માજી વતી માફી માગી અને કહેવા લાગ્યા, 'ભગતને હેરાન કર્યા એનું ફળ ભગવાને મહાત્માને આપ્યું છે. ભગવાન સ્વામિનારાયણે મહાત્માને ભારે પરચો દેખાડ્યો છે.' આમ સૌને ભગતનો અને ભગતના ભગવાન શ્રીસ્વામિનારાયણનો ખૂબ ગુણ આવ્યો.

આ રીતે પીઠવાજાળમાં ખીમા ભગતના હિંમતભર્યા સત્યાગ્રહથી સત્સંગના પાયા નંખાયા. ધીમેધીમે ગામમાં સત્સંગ વધ્યો.

ખીમા ભગતે ઓગણોતેરા કાળમાં ભગવાન શ્રીસ્વામિનારાયણને વિનંતી કરીને સાધુઓના એક મંડળને પીઠવાજાળ બોલાવ્યું હતું. દુષ્કાળ હોવા છતાં, આખું વર્ષ ભગતે સંતોને સાચવ્યા હતા અને સત્સંગનો લાભ લીધો હતો.

આમ રાઘવાનંદ સ્વામીના યોગમાં આવવાથી ખમીરવંતા ખીમા ડોબરિયા ઉત્તમ ભક્ત થયા અને સત્સંગના ઇતિહાસમાં અમર થઈ ગયા.

સમાચાર દર્શન

|| હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનાર, લંડન ||

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી ભારતીય સંસ્કૃતિના પ્રચાર પ્રસારાર્થે ઈંગ્લેન્ડમાં પરિભ્રમણ કરી રહ્યા છે. સ્વામીજી જ્યાં પધારે ત્યાં હિંદુ સંસ્કૃતિનો ચાહક વર્ગ તથા મુમુક્ષુ ભાવિકજનો એકત્રિત થઈને સત્સંગનો અલભ્ય લાભ પ્રાપ્ત કરતા રહે છે. લંડન ખાતે સ્વામીજીના સાનિધ્યમાં છેલ્લા ૧૪ વર્ષથી નિયમિત રીતે હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન થાય છે. આ સેમિનારનો લાભ લેવા માટે યુ.કે.ના વિવિધ વિસ્તારોમાંથી ઉત્સાહી ભક્તજનો મોટી સંખ્યામાં પધારે છે.

આ વર્ષે તા. ૧૪ જુલાઈ, ૨૦૨૩ના રોજ પંચદિનાત્મક હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સભાસ્થળે **SGVP** ગુરુકુલ દ્વારા શિક્ષણ, સ્વાસ્થ્ય અને પર્યાવરણ ક્ષેત્રે થતી અનેક સર્વજીવહિતાવહ પ્રવૃત્તિઓનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. ઉપરાંત ભગવાન શ્રી સ્વામિનારાયણે સારંગપુરમાં ઉજવેલા ભવ્ય રંગોત્સવમાં થયેલી સભાના દિવ્ય દ્રશ્યની અહીં ઝાંખી થાય છે, તેમજ વડતાલના પુષ્પદોલોત્સવમાં ભગવાનને હિંડોળામાં ઝુલાવવામાં આવ્યા હતા, તેના પ્રતિક સ્વરૂપે બાર બારણાના હિંડોળામાં ભગવાનના સ્વરૂપોને બિરાજિત કરવામાં આવ્યા હતા. લંડન નિવાસી સ્વયંસેવક ભાઈ-બહેનોએ હિંદુ લાઈફ સ્ટાઈલ સેમિનારના ભાગસ્વરૂપે આ દર્શનીય પ્રદર્શની તૈયાર કરી હતી.

આ વર્ષે સેમિનારના ભાગરૂપે 'શ્રીમદ્ ભાગવત કથા પારાયણ'નું આયોજન કરવામાં આવ્યું હતું. કથા પારાયણના મંગલ પ્રારંભે યજમાન શ્રી લક્ષ્મણભાઈ દેવશીભાઈ રાઘવાણી પરિવારના તમામ સભ્યોએ પોથીપૂજન કર્યું હતું. આ પ્રસંગે કથાશ્રવણ માટે એકત્રિત થયેલા ભક્તજનોએ મંગલ ગીતો, વાજિંત્રોના નાદ સાથે પોથીજીની યાત્રા કાઢી હતી. કથાના પ્રારંભે સ્વામીજી તથા યજમાનો દ્વારા ભગવદ્ પૂજન, પોથીપૂજન થયા બાદ શ્રી કલ્પેશ ઝાલાવાડીયાએ સદ્‌ગુરુ પ્રેમાનંદ સ્વામીની રચના ઉપર કલાસભર નૃત્ય કરીને પ્રેક્ષકોના દિલ જીતી લીધા હતા.

કલ્પેશ ઝાલાવાડીયા ગુરુકુલના ભૂતપુર્વ વિદ્યાર્થી છે. સંતોના કૃપાપાત્ર છે. તેઓ એક કલાકાર તરીકે યુ.કે.ની ૧૫૦ સ્કુલો સાથે જોડાયેલા છે અને હજારો યુરોપીયન વિદ્યાર્થીઓને હોળી તેમજ દિવાળીના ઉત્સવો ઉજવતા કર્યા છે.

આ અવસરે વ્યાસાસને બિરાજી પૂજ્ય સ્વામીજીએ ભાગવતની કથાનું રસપાન કરાવતા કહ્યું હતું કે, 'આપણો સનાતન ધર્મ છે. જેનો આરંભ ન હોય, જેનો અંત ન હોય તેને સનાતન કહેવાય. આ સનાતન ધર્મ સત્ય ઉપર પ્રતિષ્ઠિત છે. સનાતન ધર્મ સૌથી પ્રાચીન હોવા છતાં નિત્ય નૂતન છે. જ્ઞાન-વિજ્ઞાનનો ભંડાર છે. સનાતન ધર્મની સ્થાપના કોઈ એક મહાપુરુષે કરેલી નથી. અનેક ઋષિમુનિઓએ સનાતન ધર્મને સમૃદ્ધ કરેલો છે. સનાતન ધર્મ વિવિધતામાં રહેલી એકતાને વરેલો છે. સનાતન ધર્મ લોકોને આ લોકમાં પણ સુખી કરે છે એટલે કે ભૌતિક રીતે પણ ઉન્નતિ આપે છે અને પરલોકમાં પણ સુખી કરે છે.

'સનાતન ધર્મનો મુખ્ય ગ્રંથ વેદ છે. વેદને સમજવા માટે ત્રણ મુખ્ય ગ્રંથો છે; જેના નામ છે ઉપનિષદો, શ્રીમદ્ ભગવદ્‌ગીતા, બ્રહ્મસૂત્ર. શ્રીમદ્ ભાગવત આ ત્રણેય ગ્રંથોના અર્ક સમાન છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના વચનામૃતો આ ત્રણેય ગ્રંથોના તત્ત્વોને સીધી, સાદી, સરળ ગુજરાતી ભાષામાં સમજાવે છે.'

'સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય આ સનાતન ધર્મના પાંચ પાયા છે. સનાતન ધર્મમાં દેવયજ્ઞ, બ્રહ્મયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ અને ભૂતયજ્ઞ આ પાંચ યજ્ઞો પ્રસિદ્ધ છે. જેમાં સમગ્ર જડચેતન સૃષ્ટિનું કલ્યાણ સમાયેલું છે.

સનાતન ધર્મના નિરૂપણ બાદ સ્વામીશ્રીએ વિશ્વના અન્ય ધર્મો કરતા સનાતન ધર્મની વિશિષ્ટતા સમજાવી હતી. અવતારોના પ્રાગટ્યની કથાનું રહસ્ય સમજાવ્યું હતું. આ પંચદિનાત્મક જ્ઞાનયજ્ઞ દરમિયાન ભગવાન શ્રીરામ તથા ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યા હતા. ઉપરાંત આ જ્ઞાનયજ્ઞ દરમિયાન અન્નકૂટ મહોત્સવ, ભજન સંધ્યા, સાંસ્કૃતિક કાર્યક્રમ, મહિલા મંચ, સમૂહ મહાપૂજા તથા મંત્ર અનુષ્ઠાન જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પધારનારા ભક્તજનોને ભોજન પ્રસાદની વ્યવસ્થા તથા વિવિધ આયોજનોને સફળ કરવા માટે શ્રી કચ્છ સત્સંગ સમાજ ઈસ્ટ લંડન તેમજ ગુરુકુલ પરિવારના સ્વયંસેવક ભાઈ-બહેનોએ ખૂબ જ સુંદર વ્યવસ્થા ગોઠવી હતી.

એલોપથી, આયુર્વેદ અને યોગના સમન્વય સાથે કાર્યરત શ્રી જોગી સ્વામી SGVP હોલિસ્ટિક હોસ્પિટલ ખાતે તારીખ ૨૭ મે, ૨૦૨૩ના રોજ અત્યાધુનિક 1.5 ટેસ્લા મોડેલનું MRI લેબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. આ પ્રકારનું સિગ્મા પ્રાઈમ MRI ગુજારતનું પ્રથમ મશીન છે. જેના દ્વારા દર્દીઓની સારવારમાં અત્યંત સરળતા અને સચોટતા રહેશે.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના સાનિધ્યમાં યોજાયેલ આ ઉદ્‌ઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત મુખ્યમંત્રી કાર્યલયના ચીફ પ્રિન્સીપાલ સેક્રેટરી શ્રી કે. કૈલાશનાથન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસન, હોલિસ્ટીક હોસ્પિટલના મુખ્ય દાતાશ્રીઓ શ્રી હર્ષદભાઈ પટેલ તથા ઘનશ્યામભાઈ પટેલ (સ્વામી પરિવાર, બોત્સવાના), નાઈરોબીના સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને ભૂજમાં કે. સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના નિર્માતા શ્રી કે. વરસાણી તથા નાઈરોબીના સુપ્રદ્ધ ઉદ્યોગપતિ આર. ડી. વરસાણી(એપ્કો બિલ્ડર્સ)ના સુપુત્ર મયુર વરસાણી, ગુરુકુલના ટ્રષ્ટી શ્રી નવિનભાઇ દવે, ભૂતપૂર્વ હાઈ કોર્ટ જસ્ટિસશ્રી ઢોલરીયા સાહેબ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

પ્રારંભે ડૉ. સાગર બેટાઈએ MRI મશીનનો પરિચય આપતા જણાવ્યું હતું કે, 'અહીં તૈયાર થયેલ MRI લેબમાં મુકવામાં આવેલું સિગ્મા પ્રાઈમ મશીન ગુજરાતનું પ્રથમ અત્યાધુનિક મશીન છે. આ મશીન દ્વારા હૃદય, કરોડરજ્જુ, સ્નાયુ, શરીરના વિવિધ સાંધા વગેરેમાં ઉદ્‌ભવતા રોગોનું સચોટ નિદાન મેળવી શકાય છે. ખાસ કરીને આ મશીન દ્વારા ન્યુરોસર્જરી ખૂબ સરળ રહેશે.'

આ પ્રસંગે ઉપસ્થિત રહેલા અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર શ્રી એમ. થેન્નારસને સંસ્થાના સેવાકાર્યને બીરદાવ્યું હતું અને હોલિસ્ટિક હોસ્પિટલની સેવાપદ્ધતિને અભિનંદન પાઠવ્યા હતા.

પરમ પૂજ્ય પુરાણી શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામીએ જણાવ્યું હતું કે, 'આ MRI મશીનને લીધે અમને હજારો દર્દી નારાયણની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થશે.'

શ્રી કે. કૈલાસનાથને જણાવ્યું હતું કે 'આ સંસ્થાના પરિચયમાં છેલ્લા ૨૦ વર્ષથી છું. સંસ્થા દ્વારા થઈ રહેલા સેવાકાર્યો અનેક લોકોને પ્રેરણા આપે એવા છે. SGVP અનોખું કેમ્પસ છે, અહીં હેલ્થ, એજ્યુકેશન અને અધ્યાત્મ સાથે વણાયેલા છે. અનેક ક્ષેત્રે સેવા કરી રહેલી સંસ્થાના કાર્યને હું ખૂબ અભિનંદન પાઠવું છું.'

પૂજ્ય સ્વામીજીએ પોતાના હૃદયની વાત કરતા જણાવ્યું હતું કે, 'SGVP હોલિસ્ટીક હોસ્પિટલને જે યશ મળી રહ્યો છે, એ યશના ભાગીદાર હોલિસ્ટીક હોસ્પિટલમાં નિષ્ઠાથી સેવા બજાવનાર ડોક્ટરો, વૈદ્યો, યોગ વિભાગ અને નાનામાં નાના કાર્યકર્તાઓ છે. આ જ કાર્યકર્તાઓએ કોરોના કાળમાં જાતને જોખમમાં મૂકીને આશરે ચાર હજાર માનવ જીવનને બચાવી લીધા હતા.'

'અમને ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની શિક્ષા છે કે, દર્દીને દર્દીનારાયણ માનવા, દરિદ્રને દરિદ્રનારાયણ માનવા. સર્વમાં રહેલા ભગવાન આપણી સેવાનો સ્વીકાર કરે એ આપણા સદ્‌ભાગ્ય છે.'

હોલિસ્ટીક શબ્દને સમજાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું હતું કે, 'આપણું શરીર માત્ર પંચભૂતનું બનેલું પિંજરું નથી, આપણા શરીરમાં પ્રાણ, મન, બુદ્ધિ અને ચેતના છે, જેને આપણા વેદો પંચકોષ કહે છે. આપણી ચિકિત્સા પદ્ધતિ આ પાંચેયને પ્રફુલ્લિત કરનારી હોવી જોઈએ.'

'અહીંના આ પરિસરના વૃક્ષાની હરિયાળી, જાતજાતના પંખીઓ, નાના નાના કુંડોમાં ખીલેલા કમળો, બગીચાના પુષ્પો, યજ્ઞશાળામાંથી ઉઠતી ધૂમ્રસેરો અને વેદમંત્રોના ઘોષ, ગીર વંશની દેશી ગાયોનું પૂજન અને સાત્ત્વિક આહાર આ હોસ્પિટલને હોલિસ્ટીક બનાવે છે.'

આ પ્રસંગે રત્નમણિ ગ્રુપ તરફથી હોલિસ્ટીક હોસ્પિટલને મેડિકલ સાધનોથી સજજ મેડીકલવાન(એમ્બ્યુલન્સ) અર્પણ કરવામાં આવી હતી. રત્નમણિ ગ્રુપના પ્રતિનિધિ તરીકે શ્રીજગતભાઈ કિનખાબવાલા ઉપસ્થિત રહ્યા હતા. જગતભાઈનો પંખીઓ પ્રત્યે અને એમાં પણ ચકલાઓ પ્રત્યેનો પ્રેમ અસાધારણ છે, એને લીધે તેઓ સ્પેરોમેન તરીકે પ્રસિદ્ધ છે. અત્યાર સુધીમાં એમણે હજારો ચકલાઓને બચાવ્યા છે, પાળ્યા છે, પોષ્યા છે.

આ પ્રસંગે રત્નમણિ ગ્રુપના જગતભાઈ તેમજ હોલિસ્ટીક હોસ્પિટલના મુખ્ય દાતાશ્રીઓ તેમજ એમના પરિવારના બહેનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હોલિસ્ટીક હોસ્પિટલના યોગ, આયુર્વેદ, એલોપથી આ ત્રણેય વિભાગોમાં સેવા આપનારા ડોક્ટર્સ, વૈદ્યો તથા અમદાવાદના નામાંકિત ડોકટરો તેમજ ભાવિક ભક્તજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પૂજ્ય ભક્તવત્સલદાસજીના માર્ગદર્શન નીચે સંતો અને સ્વયંસેવકોની ઉત્સાહભરી અપૂર્વ સેવાથી આ કાર્યક્રમ ભારે પ્રેરક અને સફળ રહ્યો હતો.

શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિર - ઉમરગામ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદના અધ્યક્ષ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન અનુસાર ઉમરગામ ખાતે શ્રી સ્વામિનારાયણ સનાતન મંદિરનું નિર્માણ કરવામાં આવેલ છે. આ મંદિરમાં નિર્માણ પામેલ સંતનિવાસ તથા ગેસ્ટ હાઉસનો ઉદ્‌ઘાટન સમારોહ તારીખ ૨૧ મે, ૨૦૨૩ના રોજ ઊજવાઈ ગયો.

આ સમારોહના પ્રારંભે કેમ્પસનું મુખ્ય પ્રવેશ દ્વાર તથા મંદિરના પ્રવેશ દ્વારનું ઉદ્‌ઘાટન સંતો તથા યજમાનોના હસ્તે કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આયોજિત સમૂહ મહાપૂજામાં મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધો હતો. સંતો તથા ઋષિકુમારોએ શાસ્ત્રીય પદ્ધતિથી મહાપૂજા કરાવી હતી. મહાપૂજાના અંતે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સર્વ સંતો તથા ભક્તોએ સાથે મળી ભગવાનની સમૂહ આરતી કરી હતી.

મંદિરમાં રહી સાધકો સાધના કરી શકે એવા હેતુથી અહીં વિશાળ વેણી-ગાંધી અતિથિગૃહનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહાપૂજા પૂર્ણ થયા બાદ સંતો તથા યજમાન પરિવારના ભક્તજનોએ અતિથિગૃહને સહુના માટે ખુલ્લું મુક્યું હતું. આ અતિથિ ગૃહના નિર્માણમાં વેણી પરિવાર, ગાંધી પરિવાર, શેઠ પરિવાર, દેસાઈ પરિવાર, રાણા પરિવાર, શાહ પરિવાર, વિરડિયા પરિવાર વગેરે પરિવારના ભક્તજનોએ ખૂબ મોટો સહયોગ આપ્યો છે. સાથે સાથે અહીં સંત નિવાસનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. આ અવસરે સંત નિવાસનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ પાવન પ્રસંગે આયોજિત સત્સંગ સભામાં પરમ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ વિશાળ મંદિરના નિર્માણમાં સહયોગ આપનારા દાતાશ્રીઓને હૃદયથી બિરદાવ્યા હતા અને જ્યારે જ્યારે અવસર મળે ત્યારે આ સ્થાનમાં ભજન કરવા આવતા રહેવાની યાદી પણ આપી હતી.

પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ મંદિરનો મહિમા સમજાવતા જણાવ્યું હતું કે, સાધકોની સાધનાનો પ્રવાહ અવિરત વહેતો રહે તથા આપણા મૂલ્યોનું જતન થતું રહે એવી અહીં બિરાજમાન સર્વ દેવોના ચરણોમાં પ્રાર્થના કરું છું. આ સ્થાનનાં નિર્માણમાં આદરણીય હરેન્દ્રભાઈ વેણીનું અનોખું સમર્પણ છે. એ ઉપરાંત જેજે ભક્તોનો સહયોગ પ્રાપ્ત થયો છે એમને ભગવાન સર્વ રીતે સુખી રાખે એવી પ્રાર્થના કરીએ છીએ.

આ મંદિરનું નિર્માણ 'નાઘેર વડલો' પરિસરમાં થયેલ છે. પ. ભ. શ્રી શાંતિલાલ વેણી પરિવારના સભ્યોએ મંદિરના નિર્માણકાર્ય માટે નાઘેર વડલાના નવ પ્લોટ અર્પણ કરી ભૂમિદાતા તરીકે લાભ લીધો. સાથે સાથે મંદિરના નિર્માણકાર્યમાં પણ પોતાનો સિંહફાળો અર્પણ કર્યો છે. નાઘેર વડલાના અન્ય ભાવિકજનોએ પણ પોતાની જમીન અર્પણ કરતા વિશાળ પરિસરમાં ભવ્ય અને દિવ્ય મંદિરનું નિર્માણ કાર્ય સંપન્ન થયું છે.

આ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રીનાથજી, ભગવાન શ્રી રાધાકૃષ્ણદેવ, શિવલીંગ સહિત શ્રીશિવ પરિવાર, શ્રીગણેશજી, શ્રીહનુમાનજી બિરાજી સર્વ ભક્તજનોના ભક્તિભાવનો સ્વીકાર કરશે. મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ આગામી જાન્યુઆરીમાં યોજાશે.

હોમાત્મક અનુષ્ઠાન

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) અમદાવાદની શાખા રીબડા-રાજકોટ ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન અને પ્રેરણાથી સપ્ત દિનાત્મક હોમાત્મક અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

પુરાણી સ્વામી 'સ્મૃતિ મહોત્સવ' ઉપક્રમે આયોજિત આ અનુષ્ઠાનમાં 'સ્વામિનારાયણ' મહામંત્રની ૧૫ લાખ આહુતિઓ આપવામાં આવી હતી. આ યજ્ઞઅનુષ્ઠાનમાં સંતોની સાથે હરિભક્તો અને વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા. અનુષ્ઠાન પૂર્ણાહુતિ પ્રસંગે સર્વે અવભૃથ સ્થાન માટે દ્વારિકા ગયા હતા. જ્યાં દ્વારિકાધીશને ધ્વજારોહણ, બ્રહ્મચોરાશી, તીર્થદર્શન, ગૌસેવા, ગોમતીજીમાં અવભૃથ સ્નાન, પુરાણી સ્વામીના અસ્થિવિસર્જન, સંન્યાસીઓ માટે ભંડારો વગેરે આયોજનો કરવામાં આવ્યા હતા. આ અનુષ્ઠાના તમામ આયોજનમાં પૂજ્ય શાસ્ત્રી શ્રી ધર્મવત્સલદાસજી સ્વામી, પૂજ્ય શાસ્ત્રી શ્રી વેદાંતસ્વરૂપદાસજી સ્વામી, પૂજ્ય હરિનંદનદાસજી સ્વામી, પૂજ્ય ઋષિકેશદાસજી સ્વામી વગેરે સંતો-ભક્તો ભક્તિભાવ સાથે જોડાયા હતા.

GPL-12

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે તારીખ ૨૮ માર્ચથી ૧૧ જૂન દરમિયાન SGVP SURYA SPORTS ACADEMY îkhk GPL-12 (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઑલ ઈન્ડીયા ઓપન ડે-નાઈટ ટેનીસ બોલ ક્રીકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ૧૫૦ ઉપરાંત ટીમોએ ભાગ લીધેલ, જેની ફાઈનલ તારીખ ૧૧ જૂનના રોજ રમાઈ હતી. જેમાં 'રોકી ઈલેવન' ટીમ વિજેતા રહી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય કોઠારી શ્રી ધર્મનંદનદાસજી સ્વામી, પરમ પૂજ્ય ભક્તવત્સલદાસજી સ્વામી, ભારતના પૂર્વ ક્રિકેટર નયન મોન્ગીયા, ગુજરાત ટાઈટન્સના ખેલાડી ઉર્વીલ પટેલ, ટૂર્નામેન્ટના સ્પોન્સર્સ શ્રી કૈશીકભાઈ, રાહુલભાઈ અગ્રવાલ વગેરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને ૨,૫૦,૦૦૦ રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ દેવ ઈલેવનને ૧,૨૫૦૦૦ રૂપિયા તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તૃતીય, ચતુર્થ સ્થાને રહેલ ટીમ, મેન ઑફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. આ ટુર્નામેન્ટમાં કુલ મળીને વીસ લાખ ઉપરાંત રકમના ઈનામો આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઉપસ્થિત નયન મોન્ગીયાએ સંસ્થાની સેવાપ્રવૃત્તિ તથા સ્પોર્ટસ્ માટે કરવામાં આવતા પ્રયત્નોને બિરદાવ્યા હતા.

ટૂર્નામેન્ટના મુખ્ય સ્પોન્સર વિજય કન્ટ્રકશન સીશલ્સના માલિક વિશ્રામભાઈ પટેલને સંસ્થાના અધ્યક્ષ સ્વામી માધવપ્રિયદાસજી સ્વામીએ ખાસ યાદ કર્યા હતા અને એમની સેવાને બિરદાવી હતી.

ગુરુકુલ ગૌરવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) આમદાવાદમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પોતાનો સર્વાંગી વિકાસ સાધે છે. સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના વિકાસ માટે ખૂબ પ્રયત્નો કરવામાં આવે છે. જેનું પરિણામ SGVPના વિદ્યાર્થી દુષ્યન્ત ભેડા છે.

દુષ્યન્તે SGVPમાં રહીને પોતાનો ઉચ્ચ અભ્યાસ કર્યો હતો. ખૂબ પરિશ્રમ અને પોતાની સજાગતાને કારણે તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા UPSC EXAM - 2022 માં દુષ્યન્ત સંપૂર્ણ ભારતમાં ૨૬૨ મો ક્રમાંક મેળવી પહેલા જ પ્રયત્ને સફળ થયા છે. ભગવાન શ્રીહરિ તથા સંતોના આશીર્વાદ તેમજ પોતાના પુરુષાર્થના બળે આ પરિક્ષામાં સફળ થઈને તેઓએ ગુજરાત રાજ્ય, SGVP સંસ્થા તથા પોતાના પરિવારનું નામ રોશન કર્યું છે. દુષ્યન્તની આ સિદ્ધિ બદલ સમસ્ત SGVP ગુરુકુલ પરિવાર ગૌરવની લાગણી અનુભવે છે. શ્રી દુષ્યન્ત ભેડા તથા તેમના પિતાશ્રીએ પરમ પૂજ્ય ગુરુવર્ય શ્રી માધવપ્રિયદાસજી સ્વામીનાં દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા. પૂજ્ય સ્વામીજીએ દુષ્યન્તની ઉજ્જ્વળ કારકીર્દિ માટે શુભકામના પાઠવી હતી.

શ્રદ્ધાસુમન

અ.નિ. શ્રી કપુરચંદભાઈ દેવશીભાઈ શાહ :- નાઈરોબી નિવાસી પ.ભ. શ્રી કપુરચંદભાઈ શાહ તા.૨ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. કપુરચંદભાઈ ચુસ્ત જૈન પરિવારના, પરંતુ ભગવાન સ્વામિનારાયણ અને સંતો પ્રત્યે અત્યંત પ્રેમ. વર્ષોથી પૂજ્ય સ્વામીજી સાથે ગુરુભાવ રાખી સેવાકાર્યોમાં જોડાયેલા. સ્વામીજી તથા સંતો જ્યારે આફ્રિકા પધારે ત્યારે એમના ઘરે સંતોના ઉતારા રહે. સંતોને ઉતરવા માટે એમણે એક મકાન બનાવેલું. એમના ઘરમાં મહાવીર સ્વામી અને સહજાનંદ સ્વામી બન્નેની પૂજા થાય. ગુરુકુલના સેવાકાર્યોમાં કપુરચંદભાઈની ખૂબ સેવાઓ પણ રહેલી. વર્ષમાં ત્રણ-ચાર વાર કેવળ દેવદર્શન માટે ભારત આવે. એમના ધર્મપત્ની શાંતાબા વૃદ્ધાવસ્થામાં પણ ઉપવાસ કરે. એક સાથે ૧૫૦ ઉપવાસ કરી એમણે પારણા ગુરુકુલમાં કરેલા. એમના સુપુત્રો પણ ખૂબ સારી રીતે સંતો તથા સંસ્થા સાથે જોડાયેલા છે. કપુરચંદભાઈના આવા પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સુપુત્રો દિલીપભાઈ, પંકજભાઈ, રાજુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. જેઠાભાઈ રત્નાભાઈ પલસાણા :- ગામ જામબરવાળા, હાલ અમદાવાદ નિવાસી શ્રી જેઠાભાઈ રત્નાભાઈ પલસાણા તારીખ ૧૩ મે ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ભગવાન અને સંતો પ્રત્યે અત્યંત નિષ્ઠા ધરાવે છે. ભગવાન શ્રીહરિ જેઠાભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા કનુભાઈ, નરેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી શામજીભાઈ મસરીભાઈ કિડેચા :- ગામ અંબાડા નિવાસી પ.ભ. શ્રી શામજીભાઈ કિડેચા તા. ૨૮ મે ૨૦૨૩ ના રોજ અક્ષરવાસી થયા છે. ગુરુકુલ પરિવાર નાઘેરના આધારસ્તંભ શામજીભાઈ ગુરુકુલમાં વર્ષોથી સમર્પિતભાવે જોડાયેલા. એમના તન-મન-ધન ગુરુકુલ માટે સમર્પિત હતા. એમની સમજણ, નિષ્ઠા તથા સંતો પ્રત્યેનો દાસભાવ અજોડ હતા. દ્રોણેશ્વર ગુરુકુલમાં એમની નિયમિત સેવા. સંતોની આજ્ઞા થાય એટલે સતત દોડતા રહે. સમાજમાં પણ મોભાદાર સ્થાન. આવા સૌના લાડીલા શામજીભાઈના પવિત્ર આત્માને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા એમના ભાઈઓ દેવરાજભાઈ, કરશનભાઈ અને સુપુત્ર હરીરાજ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. દેવાંગભાઈ રાજેન્દ્રબાબુ ભટ્ટ :- અમદાવાદ નીવાસી તથા ગુરુકુલના નિષ્ઠાવાન સેવક શ્રી દેવાંગભાઈ ભટ્ટ ૩૧મે ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ભગવાન અને સંતો પ્રત્યે અત્યંત નિષ્ઠા ધરાવે છે. ગુરુકુલના સેવાકાર્યોમાં અવારનવાર સેવાઓ કરતા રહે છે. ભગવાન શ્રીહરિ દેવાંગભાઈને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા જીગ્નેશભાઈ, સુપુત્ર ઈશાન વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દેવજીભાઈ મુરજીભાઈ મંદાણી :- પ.ભ. શ્રી દેવજીભાઈ મંદાણી ૧૧ મે ૨૦૨૩ના રોજ હરિસ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. ભક્તિ અને સેવામાં અગ્રેસર દેવજીભાઈને ભગવાન શ્રીહરિ પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ શ્રી દાનવીર પીંડોરિયા :- શ્રી દાનવીર પીંડોરિયા તારીખ ૨૪ મે ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે. ભગવાન શ્રીહરિ દાનવીરના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના

અ.નિ શ્રી કાનબાઈ વિશ્રામભાઈ પટેલ :- અરુષા, તાન્જાનિયા નિવાસી શ્રી કાનબાઈ પટેલ તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલ સાથે ખૂબ સારી રીતે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિશ્રી કાનબાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તથા પુત્ર કાંતિભાઈ તથા જેન્તિભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી માનબાઈ રમેશભાઈ વરસાણી :- ગામ ભારાસર, ભૂજ નિવાસી માનબાઈ વરસાણી ૨૪ મે ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ માનબાઈના આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ રમેશભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ. નિ.શ્રી ગૌરીબેન ઓઘવભાઈ પટેલ :- ગામ ચંદ્રનગર નિવાસી શ્રી ગૌરીબેન પટેલ ૧૨ જૂન ૨૦૨૩ના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ખૂબ સારો સત્સંગ રાખે છે અને સંસ્થાના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ ગૌરીબેનના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ નરેન્દ્રભાઈ, દિનેશભાઈ, બિપીનભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

પ.ભ. લાલજીભાઈ ખીમજીભાઈ કેરાઈ, હ. ગોવિંદભાઈ, લંડન
પ.ભ. ચંદ્રકાંતભાઈ ગોહેલ, અમદાવાદ
અ.નિ વિણાબેન હરિલાલ શાહ, લંડન
શ્રી સુસ્મિતાબેન અર્જુનકુમાર સામલ, SGVP અમદાવાદ
પ.ભ. પ્રેમચંદભાઈ વિ. પટેલ, SGVP અમદાવાદ
પ.ભ. શ્રી નિરવભાઈ દોંગા, ઓસ્ટ્રેલિયા
પ.ભ. શ્રી જયેશભાઈ પટેલ, અમદાવાદ
અ.નિ. ભુપતભાઈ ઝાલાવાડિયા હ. કલ્પેશ તથા ભૌતિક, ધાવાગીર
પ.ભ. શ્રી વિજયકુમાર આરકોટ, પુણે
પ.ભ. શ્રી ગોવિંદભાઈ ગણેશભાઈ પટેલ, પાટણ
પ.ભ. શ્રી સંજયભાઈ એમ. પ્રજાપતિ, અમદાવાદ
પ.ભ. શ્રી હરિશભાઈ કણઝરીયા, અમદાવાદ
અ.નિ. અંબાબેન ભોગીલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી આશિષભાઈ ભોગીલાલ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ડો. મિતુલ વિનોદચંદ્ર ઠક્કર, અમદાવાદ
શ્રી અલ્કાબેન ખખર, અમદાવાદ
પ.ભ. શ્રી નિલેશભાઈ ઓધવજીભાઈ ઘોડાસર
પ.ભ. શ્રી ધ્રુવ ભાવેશભાઈ સોનિ
પ.ભ. શ્રી દકુભાઈ કસવાળા, અમદાવાદ
પ.ભ. શ્રી દક્ષ કલ્પેશભાઈ દરજી, અમદાવાદ

આગામી આયોજન

તા. ૦૩/૦૭/૨૩, સોમવાર : **ગુરુપૂર્ણિમા મહોત્સવ :** સાંજે ૪:૦૦ કલાકે, SGVP ગુરુકુલ
તા. ૧૩/૦૭/૨૩, ગુરુવાર : **કામિકા એકાદશી**
તા. ૧૮/૦૭/૨૩, મંગળવાર : **અધિક માસ પ્રારંભ**
તા. ૨૭/૦૭/૨૩, ગુરુવાર : **હરિજયંતી :** સવારે શ્રી નીલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, મેમનગર ગુરુકુલ
તા. ૨૯/૦૭/૨૩, ગુરુવાર : **કમલા એકાદશી**

અમદાવાદ ગુરુકુલ ખાતે આયોજિત રથયાત્રા પ્રસંગે ભગવાન જગન્નાથજીનું પૂજન કરતા બહેનો. રથયાત્રાના પ્રારંભે પહીંદવિધિ તથા સમાપન પ્રસંગે ઉપસ્થિત સંતો, મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, કે. વરસાણી તથા ભક્તજનો

SGVP હોલિસ્ટીક હોસ્પિટલનું નવું સોપાન MRI લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂજ્ય સંતો, મુખ્યમંત્રી કાર્યલયના ચીફ પ્રિન્સીપાલ સેક્રેટરી શ્રી કે. કૈલાશનાથન, દાતાશ્રીઓ, મહાનુભાવો તથા ઉપસ્થિત ભક્તજનો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં યોજાયેલ હિન્દુ લાઈફ સ્ટાઈલ સેમિનાર પ્રસંગે પોથી પૂજન કરતા યજમાન પરિવાર,
ઉપસ્થિત મહાનુભાવો તથા ભક્તજનો. બાળકો તેમજ બાલિકાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતી - લંડન

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-